ગાંધીનગર સતત બીજા દિવસે ઠુંઠવાયુ

છેલ્લા ૪૮ કલાકથી પારો ૭.૫ ડિ.સે. પર સ્થિર : દિવસના તાપમાનમાં પણ ચાર ડિગ્રીનો ઘટાડો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં સતત બીજા દિવસે ગાત્રો થીજવતી ઠંડી પડી હતી. લઘુત્તમ તાપમાન સતત બીજા દિવસે ૭.૫ ડિ.સે. નોંધાતા જનજીવન પર તીવ્ર ઠંડીની સીધી અસર જોવા મળી હતી. મહત્તમ તાપમાનમાં પણ સારો એવો ઘટાડો નોંધાતા વસાહતીઓને દિવસે પણ ગરમ વસ્ત્રો પહેરીને ફરવાની ફરજ પડી હતી.

આ વર્ષે ગુજરાતમાં રેકોર્ડ બ્રેક ઠંડી પડી રહી છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં શીત લહેર ફરી વળતા ઘણા શહેરોમાં લઘુત્તમ તાપમાન એક આંકમાં નોંધાયુ હતુ. ગ્રામ્ય વિસ્તારોની હાલત વધુ કફોડી બની હતી. હવામાન વિભાગની આગાહી મુજબ જ છેલ્લા ત્રણ-ચાર દિવસથી ઠંડીનો પારો સતત નીચે ઉતરી રહ્યો છે. સોમવારે નોંધાયેલુ મોસમનું સૌથી ઓછુ તાપમાન સતત બીજા દિવસે પણ યથાવત રહ્યુ હતુ. ૭.૫ ડિ.સે. ઠંડી નોંધાતા વસાહતીઓ આકરી ઠંડીમાં રીતસર ઠુંઠવાઈ ગયા હતા. ઘરના બારી-બારણાં તો ખોલી શકાય તેવી હાલત જ નથી. ઠંડા પવનોએ રીતસર કહેર મચાવ્યો છે. વહેલી સવારે તો ઘરની બહાર નીકળવુ ખુબ મુશ્કેલ બની રહે છે. અગત્યના કામ વિના ભાગ્યે જ કોઈ બહાર નીકળે છે. હાલમાં શાળા-કોલેજો બંધ હોવાથી ઠંડીના કારણે બાળકો સવારના સમયે તો બહાર જોવા મળતા જ નથી.

છેલ્લા બે દિવસથી ઠંડીનું જોર ખુબ વધી ગયુ છે. લઘુત્તમ તાપમાન ૭.૫ ડિ.સે. સુધી ગગડી જતાં સાંજ પડતા જ વસાહતીઓને ઘરમાં પુરાઈ જવુ પડે છે. જો કોઈ અગત્યના કામે બહાર નીકળવાનુ થાય તો બે-ત્રણ ગરમ વસ્ત્રો પહેરવા પડે છે. છેલ્લા બે દિવસથી તો આકરી ઠંડીના કારણે મુખ્ય માર્ગો પર પણ અવરજવર ખુબ ઓછી થઈ ગઈ છે જ્યારે સેક્ટરોના આંતરિક રસ્તાઓ એકદમ સુમસામ જોવા મળ્યા હતા.

ઠંડા પવનોનુ જોર વધુ રહેતા દિવસના તાપમાનમાં સારો એવો ઘટાડો જોવા મળ્યો હતો. મહત્તમ તાપમાન પાંચેક ડિગ્રી જેટલુ ઘટીને ૨૫ ડિ.સે. નોંધાતા દિવસે પણ ગરમ વસ્ત્રો પહેરવાની જરૂરીયાત ઉભી થઈ હતી. ગરમ વસ્ત્રોના વેચાણમાં અચાનક જ ઉછાળો જોવા મળ્યો હતો. બ્લેન્કેટ અને રજાઈની ખરીદી વધી હતી. તીવ્ર ઠંડીથી અકળાયેલા વડીલોએ આખો દિવસ તડકામાં બેસીને પસાર કર્યો હતો. હવામાન વિભાગે હજુ બે દિવસ કોલ્ડવેવની અસર રહેશે તેવી આગાહી કરી છે.

સે-૬માં છેવાડાના ગામ જેવા દ્રશ્યો ગૃહિણીઓએ ચુલા સળગાવી રસોઇ કરી

રસોઇના સમયે જ ગેસ પુરવઠો બંધ થયો ... કેટલાક પરિવારજનોએ હોટલમાં ભોજન કર્યુ તો કેટલાકને ચુલાની રસોઇ મીઠી લાગી : સ્ટ્રીટ લાઇટના કામ સંદર્ભે ગેસ પુરવઠો બે કલાક બંધ રહ્યો

ગાંધીનગર તા ૨૯

શહેરના સે-૬ માં આજે મહીલાઓએ ચુલા સળગાવી પતિદેવોના પેટ ભરવાનો વારો આવ્યો હતો. બપોરના સમયે ગેસ પુરવઠો અચાનક બંધ થઇ જતા સેકટરની ગૃહીણીઓએ લાકડા ભેગા કરીને ચુલા પર રસોઇ કરવાનો વારો આવ્યો હતો. થોડીવાર માટે સેકટરમાં ઘણાં ઠેકાણે છેવાડાના ગામ જેવા દ્રશ્યો સર્જાયા હતા. સેકટરમાં હાલ છેલ્લા કેટલાક સમયથી સ્ટ્રીટ લાઇટની કામગીરી હાથ ધરવામાં આવી છે. સ્ટ્રીટ લાઇટના નવા થાંભલા નાંખવામાં આવી રહ્યા છે. જયારે આજે આ કામગીરી દરમિયાન ગેસ પુરવઠો બંધ કરી દેવાયો હતો. જેના લીધે સેકટરોમાં રહીશોના ઘરે ગેસ સપ્લાય બંધ થઇ જતા ગૃહીણીઓ મુંઝવણમાં મુકાઇ હતી. તંત્ર દ્વારા રહીશોને જાણ કર્યા વિના જ ગેસ સપ્લાય બંધ કરી દેવાતા રસોઇ માંડીને બેઠેલી ગૃહીણીઓમાં આક્રોશ પ્રવર્તયો હતો. બપોરના ૧૨ થી ૨ કલાક દરમિયાન આ મુજબ સપ્લાય બંધ રહેતા મહીલાઓએ અધુરી રસોઇ પુરી કરવા માટે લાકડા બાળી ચુલો ચાલુ કર્યો હતો તો કેટલાક પરિવારજનોએ હોટલમાં જઇને જમવાની ફરજ પડી હતી. સે-૬ માં સ્ટ્રીટ લાઇટના થાંભલાઓ જયારે જગમગશે ત્યારે પણ હાલ તો ચુલા સળગતા જોવા મળ્યા હતા. સ્માર્ટ સીટીમાં ભર બપોરે છેવાડાના ગામડા જેવા દ્રશ્યો નજરે પડયા હતા. સામાન્ય રીતે કોઇપણ ખોદકામની કામગીરી હોય ત્યારે પણ વિજ પુરવઠો કે ગેસનુ જોડાણ બંધ કરવામાં આવે છે. પરંતુ આ વેળાએ સ્થાનિકાને અગાઉથી જાણ કરી દેવાય છે. પરંતુ આજે સેકટરવાસીઓને કોઇપણ પ્રકારની જાણ કર્યા વિના જ તંત્ર દ્વારા બરોબર રસોઇના સમયે જ

● અનુસંધાન પાન-૫ પર

શહેરમાં ડ્રાય રન ટેસ્ટને પ્રોત્સાહક પ્રતિસાદ

લાભાર્થીને ૪૫ થી ૫૦ મિનિટ વેક્સીનેશન સેન્ટર પર રોકાવુ પડશે : રજીસ્ટ્રેશન અને વેરીફીકેશનમાં વધુ સમય જતો જણાયો : નવ લાભાર્થીને હોસ્પિટલાઈઝેશન કરી તેમાં પણ કેટલો સમય જાય છે તેનો અંદાજ મેળવાયો

ગાંધીનગર, તા. ૨૯

કોવિડ વેક્સીનેશન અંગે આજે યોજાયેલા ડ્રાય રન ટેસ્ટના પરિણામો સારા રહ્યા છે. જો કે લાભાર્થીને આ વેક્સીન માટે ૪૫ થી ૫૦ મિનિટ ધીરજ ધરવાની રહેશે.

વેક્સીનેશન સેન્ટર પર પહોંચેલા લાભાર્થીના રજીસ્ટ્રેશન અને વેરીફીકેશનમાં ૧૦ થી ૧૫ મિનિટનો સમય લાગે છે. જ્યારે વેક્સીનેશન માટે પણ ૫ મિનિટ લાગે છે આ પછી ઓબ્ઝર્વેશન માટે ૩૦ મિનિટ તેને બેસાડવામાં આવે છે. આમ લાભાર્થીએ વેક્સીનેશન સેન્ટર પર ૪૫ થી ૫૦ મિનિટ રોકાવુ પડશે.

આજે ગાંધીનગરમાં નવ જગ્યાએ ડ્રાય રન ટેસ્ટ યોજવામાં આવ્યા હતા. ૨૨૫ લાભાર્થીને બોલાવવામાં આવ્યા હતા પરંતુ તેમાંથી ૧૮૦ જેટલા જ લાભાર્થી વેક્સીનેશન સેન્ટર પર આવ્યા હતા.

આજે યોજાયેલ આ ડ્રાય રન ટેસ્ટમાં વેક્સીન સ્ટોરથી વેક્સીન સેન્ટર પર જવામાં લાગતો સમયનો પણ અંદાજ લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત વેક્સીનેશન બાદ આવેલા રિએક્શન માટે જો લાભાર્થીને સિવિલ હોસ્પિટલમાં લઈ જવાનો થાય તો કેટલો સમય લાગી શકે છે તેનો અંદાજ પણ મેળવવામાં આવ્યો હતો. નવ જેટલા લાભાર્થીઓને આજની આ મોકડ્રીલમાં હોસ્પિટલાઈઝેશન માટે લઈ જવાયા હતા જ્યારે તૈયારીઓની ચકાસણી માટે નવ જેટલા દર્દીઓને ઓબ્ઝર્વેશન રૂમમાં જ સારવાર આપવામાં આવી હતી.

ડ્રાય એન્ડ રન ટેસ્ટ પૂર્ણ થયા બાદ આરોગ્ય વિભાગના અધિકારીઓએ ફીડબેક પણ અધિકારીઓ પાસેથી માંગ્યા હતા અને હજુ ઓછા સમયમાં વધુ લાભાર્થીને આવરી શકાય તે માટે સૂચનો માંગ્યા હતા.

● અનુસંધાન પાન-૫ પર

શહેરમાં નવા કેસ ૧૧ તો ગ્રામ્યમાં ૧૩ કેસ

સે. ૨૩ માં બે કેસ સહિત ૧૧ કેસ : ગાંધીનગરમાં ૬, કલોલમાં ૨, માણસામાં ૪, દહેગામમાં ૧ કેસ : ૩૫ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહેવા પામ્યો છે. આજે જિલ્લામાં નવા ૨૪ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૩ અને ગાંધીનગર શહેરમાં ૧૧ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮ મહિલા દર્દીઓ સહિત કુલ ૧૩ કેસ નોંધાયા છે. જે પૈકી ૪ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં કોરોનાના કેસો હજુ મળી રહ્યા છે. યુવાનો અને આધેડો વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં ગાંધીનગરમાં ૬, દહેગામમાં ૧, માણસામાં ૪ અને કલોલમાં ૨ નવા કેસો નોંધાયા છે.

જિલ્લામાં આજે નવા મળેલા કેસો કરતાં રિકવર થઈ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા ૩૫ થઈ છે જેમાં ગ્રામ્ય વિસ્તારના ૧૯ દર્દી અને શહેરના ૧૬ દર્દીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામેથી આજે બે કેસો મળી આવવા ઉપરાંત વાવોલ, ધણપ, રાંધેજા અને મગોડી ગામેથી પણ કેસો મળી આવેલ છે.

દહેગામ તાલુકાના ઉમેદપુરા ગામેથી ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા તાલુકાના પરબતપુરા, લોદરા, ખડાત અને માણેકપુરા ગામેથી કેસો મળી આવેલ છે. લોદરા અને માણેકપુરાથી મળેલ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

કલોલ તાલુકામાં મોખાસણ ગામેથી અને અર્બન-૨ વિસ્તારમાંથી એક-એક કેસ મળી આવેલ છે.

જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૬૬૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાતંત્રના જણાવ્યા પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૧૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૮૫ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

ગ્રામીણ વિસ્તારમાં આજે ૯૨૯૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના નવા ૧૧ કેસ મળી આવ્યા છે. કોરોનાના આજે મળેલા કેસો બધા અલગ-અલગ સેક્ટરમાંથી છુટા છવાયા મળી આવ્યા છે.

શહેરમાં આજે સંક્રમિતોની યાદીમાં પાંચ મહિલા અને બે ૬૦ થી વધુ વયના દર્દીઓ મળી આવ્યા છે. આજે સંક્રમિત થયેલા દર્દીઓમાંથી એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સે. ૨૩ માંથી બે કેસ મળવા ઉપરાંત સે. ૧, ૨, ૬, ૭, ૧૨, ૧૩, ૧૬, ૨૬, ૨૭ માંથી પણ કેસો મળી આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૧૭૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

સતત કેસ ઘટાડાના પગલે સિવિલમાં કોરોનાની પથારીઓ ઘટાડવાનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત થઈ રહેલા ઘટાડાને પગલે સિવિલ સત્તાવાળાઓએ કોરોના વોર્ડ જે ૪, ૫ અને ૬ઠ્ઠા મજલે બનાવ્યા હતા તે આજથી બંધ કરવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ ૭૦ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે અને તે સાતમા અને ૮ મા માળે રાખવામાં આવ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૩૫૦ બેડ કોરોના માટે ઉભી કરવામાં આવી હતી.

ગ્રામીણ વિસ્તારમાં પણ કોરોનાના મળતા દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ પસંદ કરી રહ્યા હોવાથી ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં હવે ધીમી ગતિએ પથારીઓની સંખ્યા ક્રમશઃ ઘટાડવામાં આવશે તેમ જાણવા મળેલ છે. જો કે ગ્રામીણ વિસ્તારમાં ટેસ્ટ અને ટ્રેકીંગની કામગીરી યથાવત્ રાખવાનો નિર્ણય સત્તાવાળાઓ દ્વારા લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

વાહન ખરીદી માટે નાણાં વિભાગના પરિપત્રને ધ્યાનમાં રાખી કમિશનર આગળ વધે : સ્થાયી સમિતિ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ વાહન ખરીદીનો નિર્ણય નાણાં વિભાગના પરિપત્રોને ધ્યાને લઈ ખરીદી કરવાની સત્તા મ્યુનિ. કમિશનરને સોંપવાનો વહીવટીય નિર્ણય કર્યો છે.

સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં આજે ત્રણ વર્ષના નાણાંકીય હિસાબો જે રજુ કરાયા હતા તે વધુ છવાયેલા રહ્યા હતા.

સ્થાયી સમિતિએ પણ આજે મુત્સદી બતાવતાં હિસાબો ઉપર અને ખર્ચ એ રીતે નહિ પણ બિલ-વાઉચર સહિત ત્રણ-ત્રણ માસના જ રજુ કરવા માટે જણાવાયુ હતુ. મનપાની એકાઉન્ટ શાખા દ્વારા ઓક્ટો. ૨૦૧૮ થી જૂન-૨૦૨૦ સુધીના હિસાબો એક સાથે રજુ કર્યા હતા.

જીપીએમસી એક્ટ અંતર્ગત દર ત્રણ માસે હિસાબો મંજૂરી માટે સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવાના હોય છે. સમિતિએ આજે હિસાબો વિગતવાર રજુ કરવાનું જણાવતાં એકાઉન્ટ શાખા હવે નવા કામે લાગ્યુ છે.

હેવી ડ્યુટી વાહનો વાર્ષિક ધોરણે ભાડે લેવા માટે એસ-૧ ભાવ ભરનારી એજન્સીને શિફ્ટ દીઠ રૂ. ૭૧,૯૮૦નું ભાડુ ચુકવવાનો પ્રસ્તાવ પસાર કરાયો હતો. જો કે ઈજારદાર દ્વારા બિલની સાથે સ્થળ તથા ફોટોગ્રાફ રજુ કરવાની સૂચના અપાઈ હતી. બિલની સાથે આ બન્ને બાબતોનું મેળવણુ કરવાનું રહેશે તેવી પણ શરત લાદવામાં આવી છે.

નવા સમાવિષ્ટ ગ્રામ્ય તથા નગરપાલિકા વિસ્તારોમાં કચરાના એકત્રીકરણ અને નિકાલની કામગીરી અન્ય એજન્સીને ન સોંપાય ત્યાં સુધી હાલની એજન્સીને સોંપવાની દરખાસ્ત પણ રજુ કરવામાં આવી હતી જે સમિતિએ હાલ પુરતી મુલ્તવી રાખવાનો નિર્ણય કર્યો છે.

હિસાબો બિલ વાઉચર સાથે રજુ કરવામાં આવે : ફાયર ઓફિસરની જગ્યા ચીફ ફાયર ઓફિસરની બનશે

સ્થાયી સમિતિ અને વહીવટીય પાંખ વચ્ચેના વિવાદોનો અંત આવ્યો હોવાની વાત ખોટી પૂરવાર થઈ છે. જો કે સમિતિ વહીવટીય પાંખ સામેની નારાજગી યથાવત રહી હોય તેવુ ચિત્ર હાલ ઉપસી રહ્યુ છે.

સ્થાયી સમિતિની આજની બેઠકમાં ફાયર ઓફિસરની જગ્યાને ચીફ ફાયર ઓફિસર તરીકે ગણવામાં આવે તેવી દરખાસ્તને સમિતિએ આજે મંજૂરી આપી દીધી છે.

સે. ૨૨માં પાઈપલાઈનમાં લીકેજથી પાણીનો વેડફાટ

સે-૨૨માં આર્યુવેદિક હોસ્પિટલ પાસે પાઇપલાઇનમાં લીકેજના લીધે પાણીનો બગાડ : શિયાળાની ઠંડીના દિવસોમાં લીકેજીસની સમસ્યા આમ પણ વધે છે ત્યારે સેકટરોમાં સર્વે કરી લીકેજીસની ફરિયાદો નિવારવી અનિવાર્ય

ગાંધીનગર તા ૨૯

શહેરના સેકટરામાં વારંવાર પાણીની લાઇનમાં લીકેજીસ સર્જાતુ હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. શિયાળાની ઠંડીના દિવસોમાં આ ફરિયાદોનુ પ્રમાણ વધે છે. અગાઉ ગ-૨ પાસે પણ આ પ્રકારના લીકેજીસથી તળાવ ઉભરાયુ હતુ જયારે હાલ સે-૨૨ આર્યુવેદિક હોસ્પિટલ પાસે પણ પાણીની લાઇનમાં લીકેજ હોવાના લીધે સમસ્યા સર્જાઇ છે. પાણીનો બગાડ થતો અટકાવવા માટે ત્વરિત લીકેજની સમસ્યા હલ થાય તે અનિવાર્ય છે.

ઘ માર્ગ પરથી સે-૨૨ તરફ જવાના માર્ગ પર આર્યુવેદિક દવાખાના પાસે પાણીની લાઇનમાં લીકેજ થતા આ વિસ્તારમાં રોજ

પાણીના ખાબોચિયા ઉભરાય છે. શિયાળાની ઠંડીના દિવસોમાં શહેરમાં પાણીની લાઇનમાં લીકેજીસની ફરિયાદો આમ પણ વધી જાય છે. શહેરના સેકટરોમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે પુરતો સપ્લાય આપવામાં આવે છે. જયારે ઠંડીના દિવસોમાં પાણીનો વપરાશ પણ ઘટતા પાઇપલાઇનમાં પ્રેશર વધતુ હોવાના લીધે પણ લીકેજીસ વધુ થાય છે. થોડા દિવસો અગાઉ નગરના ગ-૨ વિસ્તારમાં પણ પાણી લીક થતા મોટુ તળાવ ઉભરાયુ હતુ. પરંતુ શહેરમાં પાણીના પુરતા સપ્લાયની સાથે પાણીનો બગાડ પણ વધુ થાય છે. નગરમાં એકબાજુ ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે તે દિશામાં આયોજન પણ થઇ રહ્યુ છે. ત્યારે પાણીનો બગાડ અટકે તે પણ અનિવાર્ય છે. સેકટરોમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં પણ પાણીનો વિશેષ બગાડ થાય છે. ત્યારે ઠંડીના દિવસોમાં પણ સેકટરોના ખુંણે લીક થતી પાઇપલાઇનમાંથી ધીમે ધીમે પાણી વહેતુ નજરે પડે છે. જેના લીધે દિવસ દરમિયાન પાણીનો વિશેષ બગાડ થતો હોવાનો રોષ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. આ સ્થિતિને ધ્યાને લઇ પાણીનો બગાડ અટકાવવા માટે તંત્રએ સેકટરોમાં લીકેજીસ મામલે પણ સર્વે હાથ ધરવાની અનિવાર્યતા છે. સે-૨૨ ના આ વિસ્તારમાં પણ લાંબા સમયથી પાણી વહેતુ જોવા મળે છે. જેના લીધે કાદવ કિચ્ચડ સાથે ગંદકી પણ થાય છે. આ ફરિયાદનુ ત્વરિત નિરાકરણ આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com